# ખગોળપ્રેમીઓએ લીઓનીડ્સ ઉલ્કાવર્ષાનો અદ્‌ભૂત નજારો નિહાળ્યો

## રાજકોટ, જામનગર, અમરેલી, ભાવનગર અને પાટણમાં ઉલ્કાની રોમાચંક આતશબાજી નિહાળી : લીઓનીડ્સ ઉલ્કાવર્ષા નિહાળી લોકો ઝૂમી ઉઠ્યા : પ્રારંભમાં કલાકની ૮ થી ૧૫ પછી ૧૫ થી ૪૦ ઉલ્કાવર્ષા

અમદાવાદ, તા. ૨૯

દુનિયાભરનાં ખગોળપ્રેમીઓએ અવકાશમાં લીઓનીડ્સ ઉલ્કાવર્ષાનો અદ્‌ભૂત નજારો નિહાળી ઝૂમી ઉઠ્યા હતાં. અવકાશમાં ફટાકડાની આતશબાજી નિહાળી લોકો રોમાંચિત થઈ ગયા હતાં. પ્રારંભમાં કલાકની ૮ થી ૧૫ ઉલ્કાવર્ષા પછી તા. ૧૪ થી ૨૨ નવેમ્બર સુધીમાં કલાકની ૧૫ થી ૪૦ ઉલ્કાવર્ષા સ્પષ્ટ જોઈ શકાઈ હતી. રાજ્યમાં ભારત જન વિજ્ઞાન જાથાની અપીલનો નજારો પ્રતિસાદ મળતાં આશરે પાંચ લાખથી વધુ વિજ્ઞાનપ્રેમીઓ, જિજ્ઞાસુઓએ ઉલ્કાવર્ષાનો અદ્‌ભૂત નજારો નિહાળ્યો હતો. આ વર્ષના આખરમાં તા. ૭મી થી ૧૫મી ડિસેમ્બર સુધીમાં જેમીનીડ્સ ઉલ્કાવર્ષા જોવા મળશે.

અવકાશમાં તા. ૧૪મી થી ૨૦ નવેમ્બર સુધી મધ્યરાત્રી બાદ પરોઢ સુધીમાં ક્રમિક ઉલ્કાવર્ષા પડી હતી. શરૂઆતમાં આંકડો સામાન્ય હતો, પરંતુ તા. ૧૭થી ૨૨ નવેમ્બર રાત્રિના ૧ વાગ્યાથી ૪ ની વચ્ચે કલાકના ૪૦ ઉલ્કા વર્ષા સ્પષ્ટ નિહાળી શકાઈ હતી. જાથાનું રાજ્ય કક્ષાનું આયોજન રાજકોટ જામનગર રોડ પર ન્યારી-૨ ડેમ ખાતે, જામનગરમાં સિક્કા પાસે ખુલ્લા મેદાનમાં તથા પાટણ ચાણસ્મા રોડ ઉપર પસંદગી જગ્યા તથા અમરેલી-રાજકોટ રોડ ઉપર ફાટક પાસે તથા ભાવનગર વરતેજ ચોકડી પાસે યોજવામાં આવ્યું હતું. જેમાં બ્રહ્માંડની ઉત્પત્તિ, સૂર્ય તેની પરિક્રમા કરતાં ગ્રાહો, ધૂમકેતુ, ઉલ્કા વિશેની રસપ્રદ માહિતી આપવામાં આવી હતી. ખગોળપ્રેમીઓએ ખુલ્લા આકાશમાં ઉલ્કા વર્ષા મધ્યરાત્રિ બાદ કલાકની ૪૦ જેટલી ઉલ્કા પડતી નજરે જોઈ, બાદ તા. ૧૪મીથી ૨૨ નવેમ્બર સુધી મહત્તમ ઉલ્કા વર્ષા પડતી નિહાળી ખગોળપ્રેમીઓએ અવકાશી ઘટનાનો આનંદ લૂંટ્યો હતો.

ઉલ્કા વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે રોજની લગભગ ૪૦ ટન જેટલી ઉલ્કાઓ પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. અંધારી રાત્રે આકાશ સ્વચ્છ હોય એવા સમયે એક કલાકમાં ૧૦-૧૨ ઉલ્કાઓ ખરતી જોવા મળી હતી. જેમાંની ઘણીખરી તો ભૂસપાટી સુધી પહોંચી શકી ન હતી. હવા સાથેનું ઘર્ષણ તેમને ભસ્મીભૂત કરી દે છે. જમીન પર તેમના છૂટાછવાયા રજકણો જ પથરાય છે. ઉલ્કાના સ્વરૂપે આવેલી ધૂળને લોહચુંબક વડે ઓળખી કાઢવાનું સહેલું છે. સરેરાશ ઉલ્કામાં લોખંડ અને નિકલ હોય છે. બંને પદાર્થો લોહચુંબક પ્રત્યે આકર્ષાય તેવા છે. અંતરીક્ષમાં લઘુગ્રહો જેવા ભંગારનો તોટો નથી. આ ભંગારમાં ધૂળ છે, કાંકરા છે, પથરા છે અને વિશાળ ખડકો પણ છે. અંતરીક્ષ વચ્ચે તેમનો છૂટોછવાયો સમુદાય જ્યાં ત્યાં ભટક્યા કરે છે અને ક્યારેક પૃથ્વીના ગુરૂત્વાકર્ષણની હડફેટે ચડી જાય છે. અંતરિક્ષમાં કલાકના ૧,૦૭,૨૨૦ કિલોમીટરના પૂરપાટ વેગે આગળ વધતી પૃથ્વી તેમને સતત પોતાના વાતાવરણમાં ખેંચતી રહે છે. ભંગાર જેવો વાતાવરણમાં દાખલ થાય કે તરત ઘટ્ટ વાતાવરણમા હવા સાથે ઘર્ષણ પામીને સળગવા માંડે છે. અંધારી રાત્રે તેનો તેજલીસોટો આકાશમાં પથરાય છે. જે આપણે આજે નરી આંખે જોઈ શક્યા છીએ. યુરોપખંડમાં કલાકમાં ૩૦ થી ૧૦૦ ઉલ્કા પડતી જોવા મળી હતી.

'મિટિઓર શાવર' સમજાવતા કહ્યું કે સામાન્ય રીતે છુટી છવાઈ ઉલ્કા પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશ કરતી હોય છે. પરંતુ ઘણીવાર એકસામટી હજારો કે લાખો ઉલ્કાનો રીતસરનો વરસાદ પડતો જોવા મળે છે તેને કહે છે. કઘોળવિદોએ કરેલી એક ગણતરી મુજબ છેલ્લા ૬૦ કરોડ વર્ષમાં પૃથ્વી પર આશરે ૨,૦૦૦૦ પ્રચંડ ઉલ્કાપાતો થયા છે. ઘણીખરી ઉલ્કાઓ સમુદ્રમાં પડી છે, એટલે પૃથ્વી પર તેમની પછડાટનાં ચિન્હો ક્યાંય જોવા મળતા નથી. અમેરિકાના એરિઝોના રાજ્યના રેગિસ્તાનમાં લગભગ ૨૨,૦૦૦ વર્ષ પહેલાં ભયંકર ઉલ્કાપાત થયો હતો. આશરે ૧૦૦ ફીટ વ્યાસ ધરાવતી ૧,૦૦,૦૦૦ ટન વજનની ઉલ્કા એરિઝોનાના આકાશમાં કલાકના ૪૦,૦૦૦ કિલોમીટરના વેગે દાખલ થઈ હતી અને છેવટે પ્રચંડ પ્રહાલ સાથે જમીન ઉપર પટકાતા જમીનમાં ૪,૦૦૦ ફીટના વ્યાસનો આશરે ૬૦૦ ફીટ ઊડો ગોબો (ખાડો) પડી ગયો. બધુ મળીને ૪૦ કરોડ ટન ખડકો, માટી અને પથરા આકાશમાં ફેંકાયા અને ખાડાના ધારે જમીન ૧૫૦ ફીટ ઉંચકાઈ આવી. વર્તમાન સમયે ચંદ્ર ઉપરથી જોઈ શકાય તેવી વ્યવસ્થા વિજ્ઞાને શોધી છે.




# ડીસાની શૉ મિલોમાં ગેરકાયદેસર રીતે ઠલવાતુ લીલુ લાકડુ

ડીસા, તા. ૨૯

ડીસા તાલુકામાં શિયાળાના આરંભ સાથે જ ગેરકાયદેસર લીલા વૃક્ષોનો સફાયો કરતા ઈસમો દ્વારા વૃક્ષ છેદનની પ્રવૃત્તિને વધારી દેવામાં આવી છે. ડીસા શહેરની પાટણ હાઈવે તેમજ ગંજબજાર તરફની શો મિલોમાં તાલુકાભરમાંથી લીલુ લાકડું ઠલવાઈ રહ્યું છે.

ડીસા શહેરના પાટણ હાઈવે અને ગંજબજારના રોડ તરફ આવેલી શો મીલોમાં બારેમાસ લીલા લાકડાનો ગેરકાયદેસર રીતે લેવેચ થાય છે. જ્યારે શિયાળામાં તો આખી રાત ઊંટલારીઓ અને ટ્રેક્ટરો મારફ્તે લાકડા ઠલવાઈ રહ્યા છે. આ શો મિલોના માલીકો દિવસમાં હજારો રૂપિયાની લાકડાની લેવેચ કરી વેટ ચોરી પણ કરી રહ્યા છે. જો અહીં ઈન્કમટેક્ષ વિભાગના દરોડા પાડવામાં આવે તો મોટા પ્રમાણમાં વેટ ચોરી પણ પકડાઈ જાય તેમ છે. સરકાર દ્વારા વૃક્ષોના ઉછેર માટે અભિયાન હાથ ધરી કરોડો રૂપિયાનું આંધણ કરવામાં આવે છે. પરંતુ ડીસામાં શો મિલો વાળાના પ્રોત્સાહન અને અધિકારીઓની મિલી ભગત વચ્ચે ડીસા તાલુકા ભરમાં વૃક્ષોનું ગેરકાયદેસર નિકંદન થઈ રહ્યું છે ત્યારે આ વિસ્તારમાં ગાંધીનગર વન વિજીલન્સ તપાસ ટીમ દ્વારા તપાસ હાથ ધરાય તો વૃક્ષ કટીંગનો મોટો કારોબાર બહાર આવે તેમ છે.

(તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)



# મોડીરાત્રે પાલનપુરમાં સારવાર દરમ્યાન યુવકનું મોત નિપજતાં તબીબને ત્યાં ભારે હોબાળો

## ડૉક્ટરના ઘરની આસપાસ રહેતા લોકો અને મૃતકના સ્વજનોએ ભારે આવેશમાં આવી પથ્થરમારો કર્યો

પાલનપુર, તા. ૨૯

પાલનપુર શહેરના સિવિલ હોસ્પિટલ પાછળ આવેલા બ્રાહ્મણવાસ માનસરોવર રોડ પર રહેતા ડૉ. નરેન્દ્ર શાહના ત્યાં આજે મોડી રાત્રે એક બીમાર યુવકને સારવાર અર્થે લાવતાં તબીબે સારવાર દરમ્યાન કોઈ ઈન્જેક્શન આપતાં તે બીમાર વ્યક્તિનું કરૂણ મૃત્યુ નિપજતાં મૃતકના સ્વજનોએ આ વિગતો આપી હતી. ત્યારબાદ થોડીજ વારમાં આ ઘટનાની જાણ શહેરમાં ફેલાતા અન્ય લોકો અને મૃતકના સ્વજનો આવેશમાં આવી જઈ તબીબના ઘર અને દવાખાના પર પથ્થરમારો કરતાં ભારે દોડધામ મચી જવા પામી હતી ત્યારબાદ પૂર્વ વિસ્તાર શહેર પોલીસ ઈન્સ. વાઢેર સ્ટાફ સાથે ઘટના સ્થાને દોડી આવી મૃતકના મૃતદેહને પાલનપુર સિવિલમાં પી.એમ. અર્થે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે. મૃતકનું નામ નરેશ મથુરજી ઠાકોર ઉં.વ. ૨૬ રહેવાસી મહેસાણા હોવાનું જાણવા મળેલ છે. આ લોકો મહેસાણાથી પાલનપુર હરીપુરા વિસ્તારમાં રહેતી બેનને ત્યાં મળવા આવ્યા હોવાનું જાણવા મળેલ છે. આ ઘટનાથી શહેરમાં ભારે ચકચાર મચી જવા પામી છે.



**આધુનિક ખેતી મશીનોને કારણે ખેતમજૂરોને ખેતીકામમાં રાહત**

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના વિવિધ વિસ્તારોમાં આધુનિક ઢબનું ઘાસના ગાસડા બનાવવાનું યાંત્રિક મશીન આવતા ખેડૂતોમાં ખૂશીનો માહોલ જોવા મળ્યો છે. ડાંગર જેવા પાકનું વાવેતર મોટા પ્રમાણમાં થાય છે અને પાક લણવા માટેનું મશીનથી ખેડૂતો હરખાયા છે. પ્રાંતિજ, વડદરાડા, બાલીસણા, મજરા, ઘડકણ, તાજપુર, નનાનપુર સહિતના તાલુકાના ખેતી કરતા ખેડૂતોને ખેતરમાં મજુરીની અછત પૂરી કરે છે. જેના માટે પાક લણવા અને ઘાસ કાપવા માટેનું મશીન આવવાથી ખેડૂતોને રાહત મળી છે. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# ઐતિહાસિક ભદ્રની આસપાસ વિકાસનું વિશેષ આયોજન

## ઘણા રસ્તાઓ હાલ પુરતા બંધ કરાશે : પોલીસ દ્વારા જાહેરનામુ જારી : ત્રણ દરવાજાથી પ્રેમાભાઈ હોલ તરફ જવા માટેનો માર્ગ ખુલ્લો રાખવામાં આવ્યો

અમદાવાદ, તા. ૨૯

અમદાવાદ શહેરમાં છેલ્લા કેટલાક મહિનાથી ઐતિહાસિક ભદ્ર પ્લાઝા ડેવલોપમેન્ટનું કામ ચાલી રહ્યું છે. ત્નહદ્વેંઈસ પ્રોજેક્ટ અંતર્ગત અમદાવાદ શહેરમાં આવેલ ઐતિહાસિક ભદ્ર કોર્ટની આસપાસના વિવિધ સ્થાપત્યોની જાળવણી તથા વિકાસ કરવાનું આયોજન અમદાવાદ મ્યુનિ.કોર્પો. દ્વારા કરવામાં આવ્યું છે. ભદ્ર પ્લાઝા ડેવલોપમેન્ટનું કામ હાલમાં ચાલી રહ્યું છે. ભદ્રકાળી મંદિરથી યુ.કો. બેંક સુધીનો વિસ્તાર કામગીરી ચાલી રહી છે. જેના માટે પોલીસ દ્વારા જાહેર જનતા માટે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જેમાં ક્યાં રસ્તા બંધ થશે તેમજ વાહનની અવરજવર કેવી રીતે થઈ શકશે. તે અંગેની માહિતી દર્શાવવામાં આવી છે. જેમાં હાલમાં ત્રણ દરવાજાથી પ્રેમાભાઈ હોલ તરફ જવા માટે ખારૂનાળા સુધીનો રસ્તો ચાલુ છે, તે પાનકોર નાકાથી બંધ કરવાનો છે. તેવી જ રીતે ખારૂનાળાથી ખાસ બજાર ચોકી તરફ આવતો ટ્રાફીક રાજનગર માર્કેટ પાછળથી બંધ કરવામાં આવશે. આ ઉપરાંત નિશાંત રેસ્ટોરન્ટથી ત્રણ દરવાજા સુધીનો રસ્તો બંધ કરવાનો છે પરંતુ રહેવાસીઓ વાહન સાથે ત્રણ દરવાજા જઈ શકશે નહીં.

ભદ્ર પ્લાઝાના કામ અંગે હવે ભદ્રકાળી મંદિરથી ત્રણ દરવાજા સુધીનો સમગ્ર વિસ્તાર આવરી લેવાનો હોવાથી હાલમાં જે વિસ્તાર કોર્ડન કરેલ છે તેમાં કોઈ છુટછાટ આપવામાં આવશે નહીં. યુકો બેંકથી ત્રણ દરવાજા સુધીના રોડ પર આવેલ દુકાનો પાસે ૨.૫૦ મી. જગ્યા છોડી દેવામાં આવશે તેથી દરેક લોકો સરળતાથી અવર-જવર કરી શકશે. આ રીતે રસ્તો બંધ કરવા માટે બેરીકેડ કરવાની કામગીરી ૧લી ડિસેમ્બરથી ચાલુ કરવામાં આવશે.


# વાપીમાં નવા ઉદ્યોગો ઉપર અંતે પ્રતિબંધ મૂકી દેવાયો

## પ્રદુષણના આંકમાં ચિંતાજનક વધારો થતા કેન્દ્રિય પ્રદુષણ બોર્ડનો નિર્ણય : હયાત એકમો પણ વિસ્તરણ કરી શકશે નહીં : કઠોર ધારાધોરણો લાગુ કરાયા

ગાંધીનગર, તા. ૨૯

કેન્દ્રિય પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા દેશના સાત વિસ્તારો ઉપરાંત ગુજરાતના વાપી વિસ્તારને સહુથી વધુ પ્રદુષણ ગણાવી વાપીમાં નવા એકમો આવવા તથા હયાત એકમોના વિસ્તરણ પર ફરીથી પ્રતિબંધ લગાવી દીધો છે. જો કેઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી નવી દિલ્હી દ્વારા પોલ્યુશન ઈન્ડેક્ષની જે ફોર્મ્યુલા બનાવવામાં આવી છે જેને કોમ્પ્રીહેન્સીવ એન્વાયરમેન્ટલ પોલ્યુશન ઈન્ડેક્ષ (સેપી) કહે છે. તે મુજબ ચાલુ વર્ષે કેન્દ્રિય પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા વાપીનો સેપી આંક ૮૫.૩૧ જાહેર કરવામાં આવ્યો હતો જ્યારે આઈઆઈટી દિલ્હીએ વાપી કલ્સ્ટરનો સેપી આંક ૭૦.૫૦ આપ્યો હોવાથી આવતો સંસ્થાઓના તારણમાં વિસંગતતા દેખાતા ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ભારત સરકારના પર્યાવરણ અને વનમંત્રાલય, કેમીકલ અને ફર્ટીલાઈઝર મંત્રાલય તથા કેન્દ્રિય પ્રદુષણ નિયંત્રણ બોર્ડ સમક્ષ જોરદાર રજુઆત કરી સેપી આંક ફરી જાહેર કરવા તથા વિસંગતતા દૂર કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. આમ છતાં વાપીમાં પર્યાવરણીય ગુણવત્તા સુધારવા તથા એક્શન પ્લાનના સુદ્દઢ અમલ માટે જીપીસીબીના ચેરમેન દ્વારા તા. ૨૩મી નવેમ્બરના રોજ વાપી ખાતે એક મહત્વની બેઠક યોજવામાં આવી હતી. આ ઉપરાંત ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવની અધ્યક્ષતામાં પણ તા. ૨૬મી નવેમ્બર ૨૦૧૩ના રોજ સેપી રિવ્યુ કમિટીની બેઠક મળી હતી. જેમાં સેપી એક્શન પ્લાનના અમલીકરણની સમિક્ષા કરવા ઉપરાંત છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન હાથ ધરાયેલી કામગીરી પણ સમિક્ષા કરવામાં આવી હતી. ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન પાણી અધિનિયમ ૧૯૭૪ હેઠળ ૨૯૧ એકમો, હા અદિનિયમ ૧૯૮૧ હેઠળ ૩૯ એકમો, પર્યાવરણ અધિનિયમ ૧૯૮૬ હેઠળ ૪૧ એકમોને ક્લોઝર ઓર્ડર આપવામાં આવ્યા છે.

### શબ્દાવલી - ૫૨૪૨



**આડી ચાવી**

૧. ભાવુક, ભાવના શાળી (૬)
૬. એક દર્દ (૨)
૭. વિજેતા (૩)
૯. પૃથ્વીની આસપાસ રહેતું વાયુનું આવરણ (૫)
૧૦. રેતીનું મેદાન (૨)
૧૧. છુટ્ટો લાડુ, વાનગી (૩)
૧૩. કાચનો રકાબી સાથેનો પ્યાલો (૨)
૧૫. રગ ચોંટી જાય તે (૪)
૧૬. નડતર, પીડા કે ઉપાધિ (૩)
૧૮. કોઈકની વાત સાંભળતા હોઈએ તો... ભણવો પડે (૩)
૧૯. હવા ફેંકતુ યાંત્રિક સાધન (૨)
૨૦. એકદમ સ્વચ્છ કે કોરો (૨)
૨૧. ગણિતનો હિસાબ મંડાવે તે આંકડા (૩)

**ઊભી ચાવી**

૧. બોજવહન કરનાર સાધન (૫)
૨. જજને નામદાર કે... પણ કહેવાય (૫)
૩. પ્રસારીત કરવું તે (૪)
૪. જૂની નહિ તેવી (૨)
૫. નૂર, તેજ (૨)
૮. ધૃણા ભાવ (૪)
૧૧. ચાડી ખાઉ, ચાડી-ચુગલી કરનાર (૫)
૧૨. મજૂર-કારીગર વર્ગનો અગ્રણી (૫)
૧૪. આંખ ઝપકાવવી તે (૪)
૧૭. છોકરીઓનું એક વસ્ત્ર (૩)
૧૮. ચુંગી (ચલમ) (૨)

### શબ્દાવલી ૫૨૪૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) ગોલકીપર (૪) ખાખી (૬) જાગરણ (૮) પાલીતાણા (૯) લવો (૧૦) સતી (૧૨) ડીલ (૧૫) કર્જ (૧૬) લઘરવઘર (૨૦) ટંકાર (૨૧) કરામત (૨૩) રણકો

**ઊભી ચાવી :-** (૧) ગોળપાપડી (૨) કીરતાર (૩) રજા (૪) ખારવો (૫) ખીણ (૭) ગલતી (૧૧) ફર્જ (૧૩) લલકાર (૧૪) ભાર (૧૫) કરમ (૧૭) ઘરણ (૧૮) વક (૧૯) ઘરાક (૨૨) તપ

## આમળાની બોલબાલા

● *અનુસંધાન છેલ્લાનું ચાલુ*

સ્વાસ્થ્ય માટે તો તે ઉપયોગી બની જ રહેશે. આમળાની સિઝનમાં ઘણી ગૃહિણીઓ તેનો મુરબ્બો, અથાણુ, ચ્યવનપ્રાસ વગેરે બનાવી તેની વર્ષભર સાચવણી કરે છે. ફળ અને ઔષધિ બંને રીતે આમળાની મૂલ્યવર્ધિત બનાવટો બનાવી તેને બારેમાસ ઉપયોગમાં લઈ શકાય છે. આમળાનો નિયમિત ઉપયોગ આપણી કાર્યક્ષમતા, શક્તિ, સ્ફૂર્તિ, કાંતિ અને ઓજસ વધારી અકાળે ઘડપણથી બચાવે છે.

**કંપની સમાચાર**

## એચડીએફસી બેન્કે ગુજરાતમાં ૩૦૦મી શાખાનું સીમાચિહ્ન હાંસલ કર્યુ

એચડીએફસી બેન્કે ગુજરાતના ગાંધીનગર જિલ્લામાં જમિયતપુરા ગામમાં બે કર્મચારી ધરાવતી મિનિ-બ્રાન્ચ લોંચ કરીને ગુજરાતમાં ૩૦૦ શાખાનું મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યુ છે. નવી બ્રાન્ચ ગ્રામીણ મિનિ-બ્રાન્ચ છે, જેમાં બે કર્મચારી સેવા આપશે અને જમિયતપુરા અને તેની આસપાસની ૩૫૦૦ની સ્થાનિક વસતિને આવરી લેશે.

બેન્ક ગુજરાતમાં તેની કુલ શાખામાંથી ૬૫ ટકા શાખાઓ ગ્રામીણ અને અર્ધ-શહેરી વિસ્તારોમાં ધરાવે છે. મિનિ બ્રાન્ચ બેન્ક દ્વારા બેન્કિંગ સેવા વગરના કે ઓછી બેન્કિંગ સુવિધા ધરાવતા વિસ્તારોમાં ઔપચારિક બેન્કિંગ સેવા શરૂ કરવા દાખલ કરવામાં આવેલા નવા ફોર્મેટના બ્રાન્ચ મોડલમાંનું એક છે. તેનાથી નાણાંકીય સર્વસમાવેશિતાનો ધ્યેય હાંસલ કરવામાં બેન્કના પ્રયાસોને વેગ મળે છે. બેન્કના બોર્ડે બેન્કને એક કરોડ પરિવારો (પાંચ કરોડ ભારતીયો)ને બેન્કિંગ સુવિધા હેઠળ આવરી લેવાનો નિર્દેશ આપ્યો છે.

મિનિ બ્રાન્ચમાં જગ્યા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટેકનોલોજી અને પ્રક્રિયાનો મહત્તમ ઉપયોગ કરીને ખર્ચમાં ઘટાડો કરવાનો ધ્યેય છે. મિનિ બ્રાન્ચમાં પ્રોડક્ટની રેન્જની સરખામણી પરંપરાગત બ્રાન્ચ સાથે થઈ શકે અને ત્યાં ઉપલબ્ધ બે કર્મચારી ગ્રાહકોને તમામ સેવાઓ પૂરી પાડે છે. બે વ્યક્તિની બનેલી બ્રાન્ચ નજીકની મોટી બ્રાન્ચ સાથે નજીકથી સંકળાયેલી હોય છે અને તે ચોક્કસ વિસ્તારમાં સેવા આપવા હબ એન્ડ સ્પોક તરીકે કામ કરે છે અને એ વાતની ખાતરી રાખે છે કે ગ્રાહકોને તમામ પ્રોડક્ટ્સ અને સેવાઓ મળી રહે.

# અમદાવાદ શાખામાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસની ત્રીજી પ્રાદેશિક કોન્ફરન્સનો આરંભ

અમદાવાદ, તા. ૨૯

ઈન્સ્ટિટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ)ની ડબલ્યુ આઈઆરસીની અમદાવાદ શાખા દ્વારા આજે બે દિવસની ત્રીજી પ્રાદેશિક કોન્ફરન્સનો આરંભ થયો હતો. આ કોન્ફરન્સમાં આઈસીએઆઈની પાંચ પ્રાદેશિક શાખાઓમાં ૭૦૦થી પણ વધુ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ભાગ લઈ રહ્યા છે. આ કોન્ફરન્સમાં કોર્પોરેટ લોઝમાં તાજેતરમાં બદલાયેલા કાયદાઓ, આંતરરાષ્ટ્રીય અને ઘરેલું ટ્રાન્ઝેકશનમાં ડાયરેકટ ટેકસીસ અને તેની અસરો, બિઝનેસ વેલ્યુએશન્સ વગેરેનો સમાવેશ થાય છે.

કોન્ફરન્સમાં આરંભિક સેશનને આઈસીએઆઈના પાંચેય પ્રદેશો દક્ષિણ, પૂર્વ, મધ્ય, ઉત્તર અને પશ્ચિમના ચેરમેનો દ્વારા સંબોધવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાનપદેથી બોલતા કોર્પોરેટ બાબતોનાં મંત્રાલયના પ્રાદેશિક ડાયરેકટર શ્રી એ.કે અગ્રવાલે નવા કંપનીઝ એકટનાં હકારાત્મક પાસાઓ અને વ્યવસાય માટેના પડકારોની વાત કરી હતી. બે દિવસનાં આ સેમિનારમાં તજજ્ઞો દ્વારા વિશદ છણાવટ કરવામાં આવશે તેમાં સીએ સુનિલ તલાટી, સીએ ખુશરો પંથકી, સીએ વી મુરલી, સીએ રાજીવ સિંઘ વગેરેનો સમાવેશ થાય છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

## રેડ ઝોનમાં

● *અનુસંધાન પહેલાનું ચાલુ*

નહિ ઉજવી શકનાર બાળકોમાં બાળકીનું પ્રમાણ ગાંધીનગર શહેરમાં વધુ જોવા મળ્યું છે. ગાંધીનગર શહેરમાં ૧૦૨ જેટલા બાળકોના મૃત્યુ થયા હતા જેમાં ૫૨ બાળકી હતી તો ૫૦ બાળકો હતા. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૫૫ બાળકો પોતાની પ્રથમ વર્ષગાંઠ ઉજવી શક્યતા ન હતા તેમાં ૨૪ બાળકી હતી અને ૩૧ બાળકો હતા.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર ઉપરાંત શહેરી વિસ્તારમાં પણ જાતિદર પ્રમાણમાં નોંધાયેલ ચિંતાજનક સ્થિતિએ સમાજશઆસ્ત્રીઓને જ નહિ પણ સમાજ સેવા સાથે સંકળાયેલા સૌને ચોંકાવી દીધો છે.

જિલ્લામાં ૦ થી ૬ વર્ષના બાળકોના આરોગ્યની ચકાસણી કરી અને સ્વસ્થ બાળકો થકી સ્વસ્થ સમાજની રચનાને વેગ મળે તે માટે તંત્રએ ૦ થી ૬ વર્ષના બાળકોના આરોગ્યની ચકાસણી માટે વિશેષ ઝુંબેશ પણ હાથ ધરવાનો નિર્ણય કર્યો છે. આ ઝુંબેશ માટે તંત્રના અધિકારીઓને પણ ખાસ સૂચનાઓ આપવામાં આવી છે. તેમજ જન્મ સમયે ઓછુ વજન ધરાવતા બાળકોના આરોગ્ય પર વિશેષ કાળજી લઈ તેનું સતત મોનીટરીંગ કરવાની સૂચનાઓ પણ જારી કરવામાં આવી છે.

**જાહેર નિવિદા નં. ૩ (એસ.કે.) સને ૨૦૧૩-૧૪**

કાર્યપાલક ઈજનેરશ્રી, કાંસ વિભાગ, ગાંધીનગર સ્ટેટ વોટર ડેટા સેન્ટર બિલ્ડીંગ, સેક્ટર-૮, ફોન નં. ૦૭૯-૨૩૨૪૮૦૦૬ દ્વારા નીચે દર્શાવ્યા મુજબનું સ્થાનિક બજારમાં કામ કરતી પ્રિન્ટીંગ પ્રેસ સાથે ટીન નંબર / પાન નંબર ધરાવતી એજન્સીઓ પાસેથી ભાવપત્રકો મંગાવવામાં આવે છે. કોરા ભાવપત્રકો આપવાની છેલ્લી તા. ૭/૧૨/૨૦૧૩ સમય ૧૬-૦૦ કલાક સુધી જાહેર રજાના દિવસો સિવાય આપવામાં આવશે. ભાવ ભરેલ ભાવપત્રકો તા. ૧૨-૧૨-૨૦૧૩ સમય ૧૬-૦૦ કલાક સુધી ફક્ત રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી સ્વીકારવામાં આવશે. વધુ વિગત માટે અત્રેની કચેરીનો રૂબરૂ સંપર્ક કરવો.

| કામનું નામ | (૧) ભાવપત્રક ફી (૨) બાનાની રકમ (૩) સમય મર્યાદા |
|---|---|
| ઓફસેટમાં મલ્ટીકલ/ડીઝાઈનીંગ, પ્રિન્ટીંગ વોલ્યુમ, પેમ્ફલેટ અને કાર્ડ વિગેરે બનાવી આપી પુરા પાડવાનું કામ. | (૧) રૂ. ૯૦૦/- (૨) રૂ. ૫૦૦૦/- (૩) ૧ વર્ષ |

માહિતી/૧૭૫૬/૧૩-૧૪